| PUBLICATION NAME : | Sandesh(City Life) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/10/24 |
| PAGE : | 1 |

# વિદેશી વિદ્યાર્થીઓ EDIIની ગરબા રાત્રિમાં કેડિયું અને ચણિયાચોળી પહેરી ગરબે ઘૂમ્યા



**સિટી લાઈફ** । ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (EDII), અમદાવાદ ખાતે 'ડિજિટલ યુગમાં ઉદ્યોગકારત્વ: માઈક્રો-ઉદ્યોગની પ્રગતિ' વિષય પર એક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ થયો. આ કાર્યક્રમ ભારત સરકારના વિદેશ મંત્રાલયની ભારતીય ટેક્નિકલ અને આર્થિક સહયોગ કાર્યક્રમ (ITEC) વિભાગના દીવાને અંતર્ગત યોજવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં કુલ ૨૯ ભાગીદારો ૨૧ દેશોમાંથી ભાગ લઈ રહ્યા છે. ભાગીદારોને નવરાત્રિ ઉત્સવના ઝલક આપવા માટે, EDII એ ૧૦ અને ૧૧ ઓક્ટોબરે ગરબા રાત્રિનું આયોજન કર્યું. ભાગીદારોને ઉત્સાહ સાથે આનંદ માણતા જોવા મળ્યા હતા. વિવિધ દેશોમાંથી આવેલા આ વિદ્યાર્થીઓએ ગુજરાતના ટ્રેડિશન વિશે જાણવાની સાથે માતાજીની આરતી, સ્તુતિ પણ ગાવાનો પ્રયત્ન કર્યો હતો. ગુજરાતી પારંપરિક પરિધાન કેવા હોય છે તેના ઈતિહાસ અને ગરબાના મહત્વ વિશે પણ તેઓએ વિસ્તાર પૂર્વક માહિતી મેળવીને ગરબા રમ્યા હતા.